# દલપત ચૌહાણની નવલકથામાં સામાજિક પ્રતિબધ્ધતાઅને અસ્તિત્વની મથામણ

ચૌધરી જીતાભાઈ વાલાભાઈ

સમાજ માટે પ્રતિબધ્ધ હોવું એ શું સાહિત્યકારની ખામી છે ? સમાજ પ્રત્યે સાહિત્યકારોની બહુ મોટી જવાબદારી છે. સમાજ માટે અસ્તિત્વની લડાઈ લડતા સાહિત્યકારો પ્રશંસનીય છે. દલપત ચૌહાણ આવા જ એક સાહિત્યકાર છે. દલપત ચૌહાણ એ આજ સુધીમાં કુલ ચાર નવલકથાઓ આપી છે. 'મલક'(૧૯૯૧-૨૦૦૭)'ગીધ'(૨૦૦૦-૨૦૦૧) 'ભળભાખળું','રાશવા સૂરજ'(૨૦૧૨).જેમાં તેમણે સામાજિક પ્રતિબધ્ધતા અને અસ્તિત્વની મથામણ રજૂ કરી છે. 'મલક' એના શીર્ષક પ્રમાણે જ 'મલક'ની સંવેદના-વેદનાની વાત કરે છે.દલિત સમાજ અને અન્ય સમાજના સંઘર્ષથી પારાવાર પીડા ઊભી થાય છે, તેનું એક વાસ્તવિક ચિત્ર પ્રસ્તુત થયું છે.'ગીધ'માં દલિત સમાજ અને સંબંધોની કથા છે. જેમાં સમાજનું 'ગીધ'સ્વરૂપ સમાજ અને સંબંધોની દશા અને વાસ્તવિક ચિત્ર ઊભું થાય છે. 'ભાળભાંખળું'નવલકથામાં એક દલિત કન્યાઓના ભણતરની વાતનું નિરૂપણ કરીને લેખકે સમાજ અને શિક્ષણને તેનું સામાજિક આપ્યું છે.'રાશવાસૂરજ' નવલકથામાં આગળ વધારવામાં આવી છે. જેમાં કન્યાના સાક્ષરતાના મુદ્દાને વધુ ઊંડાણપૂર્વક અને સચ્ચાઈથી નિરૂપવામાં આવ્યો છે. નવલકથાકાર દલપત ચૌહાણની વાત કરીએ તો તેઓ ઘણી બધી રીતે વિશેષતા અંકિત કરી શક્યા છે.

'મલક' નવલકથાનું પ્રકાશન ૧૯૯૧માં થયું હતું. આ નવલકથાનું વસ્તુ સોળ પ્રકરણ અને એકસો એંસી પાનામાં આલેખાયેલું છે. 'મલક'માં સમગ્ર વણકર સમાજ કેન્દ્ર સ્થાને છે. અહીં આઝાદી પછીના ભારતીય ગામડાનો પરિવેશ છે. તેમાં વણકર અને સવર્ણ સમાજના સામાજિક સંઘર્ષનું નિરૂપણ થયું છે. સોળ પ્રકરણમાં વિભાજીત નવલકથામાં વણકર ભગાના ચૌધરી સંતોક સાથેના સંબંધને કારણે વણકરવાસ ઉપર થનારા હુમલાથી બચવા આખા વણકર સમુદાયે કરેલી સામૂહિક હિજરતની વાત છે.સંતોકનું બાળક ભગા જેવું લાગે છે, એવું 'દાયણ' દ્વારા જાણવા મળતાં ગામમાં સવર્ણ યુવાનો ચર્ચા વિચારણા કરે છે. અહીં આભડછેટ અને સ્વમાની વાત આવે છે. કેટલાક લોકો વાતને અહીંથી જ બંધ કરી દેવાનું કહી છે, તો કેટલાક લોકો ખૂબ જ ક્રોધે ભરાય છે. અને વિચારે છે કે, બીજા ગામના લોકો આપણી બહેન દીકરી સાથે સંબંધ નહીં બાંધે. એટલે અહીં ગામના લોકોનું પોતાનું સ્વમાન ઘવાય છે. લાંછન લાગે છે. અને દલિત એક સવર્ણ ઉજળિયાત કોમણી સ્ત્રી સાથે સંબંધ રાખે છે, એ બાબત એ સાંખી લેવા તૈયાર નથી. તેથી અંતે વણકરવાસ સળગાવી દેવાનું નક્કી કરે છે. વાસ સળગાવવાની દેવાની વાતની જગતને ખબર પડી જાય છે. અને હુમલો થવાની રાતે જ આખો વાસ હિજરત કરે છે. આ ઘટના જ વણકર સમાજની હિજરતનું કારણ બન્યું છે .આ સંદર્ભે યશવંત વાઘેલા લખે છે કે :**"ભારત કે ગુજરાતનું ગ્રામ્યજીવન જે આદર્શ રામરાજ્યની કલ્પના કે ગોકુળિયું ગામની આદર્શ તસવીર સ્વરૂપે મૂકવામાં આવે છે, ત્યારે અસ્પૃશ્યનું વિશિષ્ટ જીવન તેની અંધારી બાજુનું આલેખન કરીને અસ્પૃશ્ય પ્રત્યે સવર્ણ સમાજને ઘૃણા ,તિરસ્કાર, વેરભાવના, દ્વેષ ધિક્કાર,ફિટકાર સૂત્રનું વાસ્તવદર્શી નિરૂપણ 'મલક'નીકથામાં થયું છે"**[૧]

દલપત ચૌહાણની 'ગીધ' બાવીસ પ્રકરણ અને બસો-પાંચ પાનામાં વિસ્તરેલી આ નવલકથા આઝાદી પૂર્વે ગામડામાં વસતા દલિતોની કરૂણ કફોડી હાલતનું વર્ણન કરે છે. અહીં ગામડું ભવ્ય નથી પણ અનેક હાડમારીઓથી ભરેલું વાતવરણ વર્ણવવામાં આવ્યુ છે. એ જમાનામાં દલિતોનું જીવન ઘણું મુશ્કેલીભર્યું હતું. પછાતવર્ગનું કેવું અને કેટલું શોષણ થાય છે, તેના સાક્ષી સર્જક પોતે પણ બન્યા હશે એવું આપણને લાગે છે. આ નવલકથામાં દલિત ઈસા અને સવર્ણ માવજીભાની દીકરી દિવાળીના સંબંધની ઘટના વર્ણવવામાંમાં આવી છે. અને પૂરક ઘટનાઓ તરીકે મરેલી ભેંસને ચીરવાની, ફાળવાની ભેંસના માંસની ભાગ પ્રમાણે વહેંચણી અને ભૂવા ધુણવાની પ્રક્રિયાઓ છે.બાવીસ પ્રકરણમાં વહેંચાયેલી આ નવલકથાના આરંભે ભલો [ભલાભા ] અતીતનાં

સ્મરણો વાગોળતા કથાનાયક ઈસાના દિવાળી સાથેના સંબંધોની વ્યથાકથા અને એમણે ભોગવેલી શારીરિક, માનસિક યાત્રા વર્ણવે છે. ફ્લેશબેકની પ્રયુક્તિથી સર્જક કથા-પ્રવાહને ગતિ આપે છે.શ્રી મોહન પરમારે આ નવલકથાની પ્રસ્તાવના 'ગીધ' સામે ગીધવૃત્તિનો ટકરાવમાં લખ્યું છે કે, **"રચના નીતિની દૃષ્ટિએ પરંપરા ઢાંચામાં ઢળેલી આ નવલ તથા તેના વિશે વસ્તુઓની માવજતના કારણે નાવીન્યપૂર્ણ લાગે છે. ગુજરાતી સાહિત્યમાં જે વસ્તુને કોઈ સ્પર્શી શક્યું નહોતું, તેવા વિષયને દલપત ચૌહાણે નવલકથાની મુખ્ય ઘટના સાથે સાંકળીને ભારે હલચલ મચાવી દીધી છે. એક લેખક પોતાના સમાજના અતીતની ભૂલાઈ ગયેલી વાતને ઉખેળે ત્યારે તેની હિંમતને દાદ દેવી ઘટે આવી નિષ્ઠા તો ભાગ્યે જ કોઇ ગુજરાતી લેખકોમાં હશે. અહીં પોતાના પૂર્વગ્રહોને જતા કરીને લેખકે તત્સ્થાતાપૂર્ણ અભિગમ અપનાવે છે. દલિત સમાજની સ્થિતિને નીરૂપીને વાસ્તવને કલામાં રૂપાંતર કરવાની હદે પણ તેઓ ગયા છે.**[૨]

ત્રીજી નવલકથા 'ભળભાંખળું' શ્રી દલપત ચૌહાણની ઈ.સ.૨૦૦૪માં પ્રગટ થઈ છે. એમાં આ અગાઉની નવલકથાની જેમ પીઠઝબકારની ટેકનિકનો લેખકે આશ્રય લીધો છે. અહીં કથાનક તરીકે દલિત સમાજનો પ્રાણપ્રશ્ન છે- શિક્ષણની સમસ્યા કેન્દ્ર સ્થાને છે. નાયિકા મણી [મણીદાદીને] સ્મૃતિમાં કૃતિનો ઉઘાડ થાય છે. ત્રણ પેઢી સુધીના સમયગાળાને ફ્લેશબેક ટેકનિકના વિનિયોગ દ્વારા કહાનીરૂપે કથા રજૂ થાય છે. એનો આરંભ નાટ્યાત્મક રીતે થયો છે. મણિદાદી ટી.વી. ચાલુ કરે છે. એ સાથે જ ખૂલી જતાં બાળકોની જાહેરાત કરવામાં આવે છે, 'સ્કૂલ ચાલ્યા' એ શબ્દો એના કાન પર પડતાં તે અતીતમાં સરી પડી છે. મણીદાદીનું સંવેદનશીલ માનસ અને બાળકોમાં પોતાના બાળપણના ચહેરાને શોધવાનો પ્રયત્ન કરે છે. તેમણે પોતાના સમયની નિશાળના જૂના મકાનનું દૃશ્ય સ્મૃતિ પટ પર છવાઈ જાય છે.કન્યાને કઈ વસ્તુઓ આપવી અને સમાજના લોકોની જોહુકમી તથા એમના આદેશો, આપણને એક રૂઢીચુસ્ત સમાજનું દર્શન કરાવે છે. આઝાદી પહેલાંના ગાયકવાડી રાજ્યમાં દલિત જીવનની સ્થિતિ-પરિસ્થિતિ વિશેના સંદર્ભો આ નવલકથાને અભિવ્યક્તિ પૂર્ણ બનાવે છે. વાણી-વ્યવહાર, રીતિ-રિવાજો, કાવાદાવા વગેરેનું દર્શન કરાવ્યું છે .આ કથાની વસ્તુસંકલનની ચર્ચા કરીએ તો,સયાજીરાવ ગાયકવાડે વીસમી સદીમાં તમામ લોકો માટે શિક્ષણની સુવિધા કરી હતી અને આ માટે એક નિયમ બનાવ્યો હતો કે, જેમનાં સંતાનો શિક્ષણ નહીં લે અથવા ભણવા નહીં જાય તેમને દંડ થશે. પરંતુ દલિતને શાળામાં પ્રવેશ મળતો નહીં. આ કથાનકથી વાર્તાનું સમગ્ર ઘડતર થયું છે .શ્રી મોહન પરમાર નોંધે છે કે, **"પ્રથમ ભાગમાં અત્યંત જૂની કેળવણી સંદર્ભે મુદ્દો સર્જનાત્મક સ્તરે વિસ્તરી પરિણામલક્ષી બને છે. પરંતુ બીજા અને ત્રીજા ભાગમાં અનુક્રમે બેડા અને પાઠ પરંપરાની વિગતો નવલકથાના મુખ્ય પ્રસંગ સાથે સંબંધ ધરાવતી ન હોવાને કારણે નવલકથા કથળી જાય છે. બાકી નવલકથાના પાત્રગત સમાજો, પરિસ્થિતિઓ, રહેણી-કરણી, રીતિ રિવાજો આલેખવામાં લેખકની હાથટીથી વર્તાય છે. મણીની સગાઈ કે લગ્ન વખતે દલિત સમાજના દરેક દરેક રીત રિવાજનું દસ્તાવેજીકરણ કરવામાં લેખકને જાણે મજા પડી છે."**[૩]

'રાશવા સૂરજ' શ્રી દલપત ચૌહાણની ૨૦૧૨માં ૨૭૪ પાનમાં વિસ્તરેલી નવલકથા છે. 'ભળભાંખળું'ના ઉત્તરાર્ધ રૂપે આ નવલકથા લખાઈ છે. 'ભળભાંખળું' પરિક્ષણ કરતાં દસ્તાવેજથી વધુ નજીક પહોંચે છે. એની કથા વિષય-વસ્તુ દલિત અને દલિત સમાજને એટલે કે, આખા ગામને, ગામના દરેક જ્ઞાતિ સમાજને લઈને આગળ ચાલે છે. તેનું ચિત્રણ થયું છે. બાકી રહેલી ઘટનાઓ, પાત્રોને 'રાશવા સૂરજ'નવલકથામાં આલેખ્યો છે. અહીં મણી, વાલો, અંબા, , પસાનાથા, જેઠા, મૂળો પોતાની આગવી લાક્ષણિકતાઓ સાથે પ્રગટ્યા છે. નારસંગ મુખી, નાનજી ભગત સાથે રહી અને બીજા કેટલાક પાત્રો, આખી ગ્રામ સૃષ્ટિને આપની સામે તાદૃશ કરે છે. આ નવલકથામાં સમાજને ચોક્કસ તાસીર પ્રગટ કરવા લેખકે પોતાની કલા દર્શાવી છે. પસા નાથાના જીવનમાં બધી ઘટના બતાવીને લેખકે દલિતો પરના સવર્ણોના અત્યાચાર પણ દાબ-સાયમ્મ મૂકવાનું કામ કર્યું છે. વણાટ માટે ખરીદી કરવા તાલુકા જતાં પસા નાથા ગાયના પંજાબમાંથી જમાદારની સ્ત્રીને છોડાવે છે. રબારીની ગામના ટોળામાં મધમાખીઓનો ફરી વળતાં ભુરાંટી થયેલી નાસભાગ કરતી ગાય અરજદારની સ્ત્રીને સિંગડે ભરાવે છે. એને પસા નાથા બચાવે છે, પણ પસા નાથા અને તે 'ધરમ કરતાં ધાડ પડે' એ કહેવત અનુસાર બચ્યા પછી પેલી સ્ત્રીને ખબર પડે છે કે તેને બચાવનાર પુરુષ તો વણકર છે. ત્યારે તે અભડાઈ જવાને બિક પર શોર મચાવે છે. પણ સાથેની સ્ત્રીની સમજાવટથી મામલો થાળે પડે છે. અને પસા નાથાને પોતાના માથે જ ઘાત ગઈ એવું લાગે છે.'રાશવા સુરજ'ના પૃષ્ઠ નંબર ૪ ટાઈટલ ઉપર નોંધવામાં આવ્યું છે

કે,**"સમાજના રૂપ-રંગ શબ્દો-બોલી લઈ રૂઢિપ્રયોગો, કહેવતો, વેશ-પરિવેશ રહેણી-કરણી સુખ-દુઃખ, સામાજિક-સંબંધ, કૌટુંબિક-જીવન આપસમાં વેર-ઝેર સારા-નરસાની જાતિઓને ઝાંખપ-ઉજાસ, ગરીબાઈ તમારા અને સમાજમાં ઉઠતાં સર્વ સામાન્ય પર પોતાની નોંધ લઈ સાહિત્ય આવે ત્યારે એનો આગવો બીજા જ રચાય છે"**[૪]

આ રીતે દલપત ચૌહાણ સમાજને વરેલા અને સાહિત્યને સમર્પિત નવલકથાકાર છે. વાસુદેવ મહેતા લખે છે કે,**"દલિત સાહિત્ય ધ્યેયગામી હોવું જોઈએ, તેની ભાષા, વિષય, દલીલો સમસાધારણ સમાજને સમજાય તેવાં જ હોવાં જોઈએ."**[૫] આ સંદર્ભે પણ દલપત ચૌહાણ પોતાની કાબેલિયત અને પ્રતિબધ્ધતા પ્રસ્તુત કારે છે. ટૂંકમાં, દલપત ચૌહાણ એક સામાજિક નવલકથાકાર છે અને તેમના સાહિત્યમાં સમાજ એ કેન્દ્રસ્થાને રજૂ થાય છે.

**સંદર્ભસૂચિ**

૧. વાઘેલા, યશવંત પ્રસ્તાવના,'મલક'દલપત ચૌહાણ ,પૃ.૬
૨. પરમાર, મોહન 'ગીધ'દલપત ચૌહાણ પ્રસ્તાવના, પૃ. ૪
૩. _______. 'ભળભાંખળું'દલપત ચૌહાણ પૃ. ૭
૪. ચૌહાણ, દલપત'રાશવા સૂરજ', પૃ. ૪, ટાઈટલ
૫ .વાસુદેવ મહેતાનો લેખ,'સમાજ મિત્ર' તંત્રી : રસીલાબેન પરમાર, જૂન ૧૯૯૬.